Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# 'હિન્દ સ્વરાજ' એક અવલોકન

**ડૉ.રાકેશભાઈ ડી.ભેદી**
આસિ.પ્રોફેસર, સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

*સારાંશ:*

*'હિન્દ સ્વરાજ' આ નાનકડા પુસ્તક તરફ વિશાળ જનસંખ્યાનું ધ્યાન ખેંચાઈ રહ્યું છે.મહાત્માં ગાંધીજીના અભિપ્રાય પ્રમાણે આ પુસ્તક એવી છે કે જે બાળકના હાથમાં પણ મૂકી શકાય. તે દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે. હિસાને સ્થાને આપભોગને મુકે છે. પ્રસ્તુત પુસ્તકમાં જુદાં જુદાં વીસ પ્રકરણ લખ્યાં છે જેમાંથી 'સભ્યતા' અને 'આધુનિક સુધાર' વિશે મો.ક. ગાંધીના દર્શનના કેટલાંક પાસાં ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ છે. ચર્ચા મુખ્યત્વે ઇ.સ. ૧૯૦૮માં લખાયેલા 'હિંદ સ્વરાજ'ના આધારે કરવામાં આવી છે.*

*ચાવીરૂપ શબ્દો:*

*હિન્દ સ્વરાજ, સભ્યતા, આધુનિક સુધાર, દર્શન*

**પ્રસ્તાવના :**

'હિન્દ સ્વરાજ' : ગાંધીવિચારના બીજરૂપ ગાંધીજીનું પ્રથમ પુસ્તક હિન્દ સ્વરાજ ૧૯૦૮ના નવેમ્બરની ૧૩થી ૨૨મી તારીખના દિવસોમાં ગુજરાતીમાં લખાયું હતું. સમગ્ર પુસ્તક ઇગ્લેન્ડથી દક્ષિણ આફ્રિકા જતાં સ્ટીમર કિલડોનન કેસલ પર મુસાફરી દરમિયાન લખાયેલું પુસ્તક વાચક અને અધિપતિ વચ્ચેનાં સંવાદરૂપે રચાયેલું છે. હિન્દ સ્વરાજનાં આરંભનાં ત્રણ પ્રકરણોમાં હિંદની તત્કાલીન સ્થિતિ અને રાજકીય વિવાદોની ચર્ચા કરવામાં આવી છે.એ પછીના પ્રકરણોમાં ત્રણ મુખ્ય મુદાઓ પર કેન્દ્રસ્થાને છે. જેમ કે એક સ્વરાજનો અર્થે બીજો આધુનિક સુધારા (સંસ્કુતિ)નાં અનિષટો અને ભારતીય સંસ્કુતીનો મહિમા, ત્રીજો સ્વરાજ માટે સાધનશુદ્ધિના આગ્રહના ભાગરૂપે હિસાનો માર્ગ છોડી દઈને અહિંસાનો માર્ગ અપનાવવા માટેનો આગ્રહ. પ્રસ્તુત પુસ્તકમાંથી સભ્યતા (સંસ્કૃતિ) અને આધુનિક સુધાર વિશે મોહનદાસ કરમચંદ ગાંધીનાં દર્શનના કેટલાંક પાસાં ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ છે.

પ્રસ્તુત વિધાનો અંગે વિચાર કરીએ.

(૧) 'માણસને એવી રીતે પેદા કરેલ છે કે, તેણે પોતાના હાથપગથી બને તેટલું જ આવાગમન વગેરે કરવું માણસની હદ ભગવાનને તેના શરીરના ઘાટથી જ બાંધી, તો માણસ તે ઘાટની હદ ઓળંગવાના ઉપાય શોધી કાઢવા. માણસને અક્કલ એવા કારણસર આપી કે, તેથી તે ભગવાનનેપછાડી. માણસે અક્કલનો ઉપયોગ કરીને ભગવાન ભૂલવામાં કર્યો.'

(૨) પશ્ચિમની કે યુરોપની સભ્યતા જેવું કાંઈ નથી કે છે માત્ર આજકાલનો સુધારો તે માત્ર ભૌતિક બાબત છે

(૩) સંચો એ આધુનિક સુધારાની મુખ્ય નિશાની છે. ને તે મહાપાપ છે એમ હું તો ચોખ્ખું જોઈ શકું છું.'

(૪) મારો નમ્ર અભિપ્રાય છે કે વિજ્ઞાનની શોધખોળને પણ મર્યાદા હોવી જોઈએ; જે મર્યાદામાં માણસજાત સાથે બંધાયેલી છે

તેમાં વિજ્ઞાનની શોધખોળ પણ સીમિત થવી જોઈએ.

(૫) સુધારોએ વર્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બજાવે ફરજ બજાવવી તે નીતિ પાળવી એ છે નીતિ પાળવી એ આપણાં મનને તથા આપણી ઈન્દ્રિયોને વશ રાખવી.

એવું કરતા આપણે સ્વયને આળખીએ છીએ. આજ ‘સુ’ એટલે સારો ધારો છે. તેથી જે વિરુદ્ધ તે કુધારો એમ કહી શકાય. ગાંધીજીના સુધાર કે સભ્યતા વિશેના ચિંતનમાં ધર્મ અને નીતિના ખ્યાલ કેન્દ્રમાં છે. આ ખ્યાલ દ્વારા જ સભ્યતાને સમજી શકાય, કુધાર અને સુધારે વચ્ચેનો તફાવત સમજી શકાય. ધર્મનો અર્થ કરતાં ગાંધીજી કહે છે; ધર્મનો અર્થ હું અહીં હિંદુ કે મુસલમાન કે જરથોસ્તી એમ નથી કરતો; પણ એ બધા ધર્મોમાં જે કર્મ રહ્યો છે.

નીતિ એટલે આ ધર્મ અનુસાર ફરજપાલન. નીતિપાલન તે ઇશ્વરની સમીપ જવાનો તેમજ પોતાને પિછાણવાનો એક માત્ર માર્ગ છે. ધર્મ અને નીતિ દ્વારા વ્યક્તિ પોતાની જાતને પિછાણી શકે, જે પ્રણાલી દ્વારા વ્યક્તિ પોતાની જાતને સમજી શકે તે સભ્યતા. સુધાર એટલે આત્મજ્ઞાનનું સંવર્ધન કરતી જીવનપ્રણાલી.

જો મહાત્માં ગાંધી માટે સુધારનો અર્થ આત્મજ્ઞાન હોય તો પછી આત્મજ્ઞાન ક્યા પ્રકારનું તે સવાલ અસ્થાને ન રહે. ગાંધી માટે આત્મજ્ઞાનમાં બે પાસાં રહેલાં છે. એક તો મારો પોતાની મર્યાદા પિછાણવી. માણસ પોતાને ભગવાનથી અલગ પિછાણે તે મર્યાદા. આ મર્યાદાનું આત્મજ્ઞાન થાય ત્યારે માણસ ભગવાનનાં નિયમોનું ઉલ્લંઘન ન કરે અને ભગવાન એ આપેલા શરીરની મર્યાદાઓ છુપાવે. બીજું, સમગ્ર માનવજાતમાં દયા, પ્રેમ, ધર્મ અને નીતિ છે અને સુષુપ્ત હોય તો તેને જાગૃત કરી શકાય તેવી શ્રદ્ધા. વકીલ અને કાનૂન પ્રથાની આકરી ટીકા કરતી વખતે ગાંધી આ શ્રદ્ધાને આધારે જ કહી શકે છે કે, વકીલો પણ માણસ છે, અને દરેક માણસજાતમાં કંઈક સારુ તો રહેલું જ છે.

ગાંધીજી માટે આધુનિક સુધાર' એ 'ખરા છે. સુધાર' વચ્ચેનો ભેદ મર્યાદાનો ભેદ છે. ખરા અર્થમાં સુધારમાં જીવન ધર્મનિષ્ઠ છે, નીતિવાન છે. આ કારણે તેમાં વસતા માણસ આત્મજ્ઞાની છે. આધુનિક સુધાર મર્યાદાનો લુપ્ત કરવામાં પોતાની સિદ્ધિ માને છે. શારીરિક કે કુદરતી સીમાઓનું સતત ઉલ્લંઘન તથા આસપાસના પરિવેશ ઉપર વધુ ને વધુ કાબૂ મેળવવામાં આધુનિક સભ્યતાનું સાફલ્ય ગણાય છે. શરીરશ્રમ અને જાતમહેનત ઓછી કરવી. સંચાથી જીવનજરૂરી કામ કરવું વગેરે આ સુધારાની ટોચ ગણાય છે. “આ સુધારાની ખરી ઓળખ તો એ છે કે માણસો બહિરની શોધમાં ને શરીરસુખમાં સાર્થક્ય અને પુરુષાર્થ માને છે. “

માણસ હોવાપણાનો અર્થ માનવેતર ધોરણ દ્વારા થાય છે. ગાંધી માટે આ અત્યંત જટિલ દાર્શનિક કોયડો છે. માણસ હોવું એટલે ધર્મ અને નીતિનું જ્ઞાન હોવું. જો માણસના જીવનનું ધ્યેય તેનો પુરુષાર્થ, તેનું સાફલ્ય માનવના અંતરની બહારના વિશ્વમાં પદાર્થો દ્વારા થવાનું હોય તો માનવ હોવા પણાનો

અર્થ સંપૂર્ણપણે બદલાઈ જાય છે. આધુનિક સુધાર સામે ગાંધીના આકરા વલણના મૂળમાં આ દાર્શનિક સમસ્યા છે. માનવપણાનો અર્થ સંચા અને તેમાંથી બનતા પદાર્થો દ્વારા થવાનો હોય તો તેમાં માનવમૂલ્યોને સ્થાન ન રહે. આધુનિક સુધાર ગાંધીના મતે માનવનું અમાનવીકરણ કરે છે. જો માનવ હોવાનાં મૂલ્યો જ બદલાઈ જાય તો પછી સારું જીવન અને સભ્ય વ્યવહાર કોને કહેવાય તેવા સવાલો પણ માનવીના ભૌતિક ચીજ વસ્તુઓ સાથેના સંબંધોના સંદર્ભે જ આપી શકાય. ધર્મ અને નીતિની ચર્ચા કરવી આધુનિક સુધારમાં શક્ય નથી. આથી ગાંધી તેને 'અધર્મ' ગણે છે, તેઓ કહે છે કે, તેમાં નીતિની કે ધર્મની વાત છે જ નહીં. ધર્મ અને નીતિ અસ્થાને હોવાથી ગાંધી આધુનિક સુધારને શયતાની રાજ્ય' અને સંચાને 'મહાપાપ' કહે છે.

શયતાની રાજ્ય અને પાપ. આ બંને ખ્યાલમાં ઇશ્વરી કે કુદરતી વ્યવસ્થા સામે બળવાની અને પ્રતિરોધની વાત છે. કુદરતી (કે ઇશ્વરી) વ્યવસ્થા સામ બળવો કરવાની ઇચ્છામાંથી શયતાની રાજ્ય ઊભું થયું અને 'આજ્ઞા'નું ઉલ્લંઘન કરવામાં મહાપાપ થયું આધુનિક સુધાર ગાંધીના મતે કુદરતી વ્યવસ્થા અને માનવ હોવાનો ખ્યાલ સામેના બળવો છે. તે ધર્મ નીતિ વિહોણી વૈકલ્પિક વ્યવસ્થા ઘડવાનો પ્રયાસ છે. આધુનિક સુધારની ઉથલપાથલને સમજાવવા માટે ગાંધી તેના ઋણ પ્રતીકોના ઉદાહરણ આપે છે: રેલ્વે, વકીલ અને દાક્તર.

રેલ્વે સામે ઉદ્વેગ વ્યક્ત કરતાં તેઓ કહે છે. "સારું હોય એ તો ગોકળગાયની જેમ ચાલે છે... નઠાર જ કુદી શકે છે. માનવનાં ભગવાને બાંધેલા શરીરના ઘાટની સીમા તોડવા માટે વરાળ યંત્ર અને રેલ એમ બે મુખ્ય માધ્યમનો ઉપયોગ કરે છે. માણસની મગરૂરી વધે છે. તે ભગવાનને ભૂલે છે. સાથે, રેલ એ આધુનિક સુધારના ફેલાવો કરવાનું સૌથી મોટું સાધન બને છે.કાયદો અને વકીલો આધુનિક સુધારના બીજા એક પાસાનું પ્રતિનિધિત્વ કરે છે. આ પાસું છે સામાજિક કરાર આ કરાર માણસ અને ઇશ્વર સાથેનો નથી. આ માણસ - માણસ વચ્ચેનો કરાર છે. ઇશ્વરીય કરારમાં દયા, શ્રદ્ધા, ધર્મ, નીતિ મુખ્ય છે. આધુનિક સામાજિક કરારની લાક્ષણિક્તાઓનો અભાવ છે. આ કરાર સત્તા, સજા અને કાનૂનના માળખાથી નિયમિત થાય છે. આ કારણે ગાંધી તેમનો પણ વિરોધ કરે છે.

આધુનિક વૈદક અને દાક્તરો સામે વિરોધ બે કારણે છે. પોતાની ઈન્દ્રિયો અને વાસનાઓ પર કાબૂ રાખવી તે આત્મજ્ઞાનની અનિવાર્ય શરત છે. દાક્તરોને કારણે મન, ઈન્દ્રિયો પરનો કાબૂ ઘટે છે. મન અને શરીરની વાસનાને સંતોષવાનાં જે પરિણામ ભોગવવાં પડે તેને દાક્તરો દૂર કરી માનવને વારંવાર વાસના તરફ દોરી જાય છે. પરિણામે થોડા સમય માટે શરીર તો સારૂ થાય પણ મન ઉપરનો કાબૂ જતો રહે. બેકાબૂ મન અને ઈન્દ્રિયો આત્મજ્ઞાન માટે અવરોધક છે આથી તો ગાંધીજી હોસ્પિટલને 'પાપની જડ' કહે છે.આધુનિક વૈદકનું જ્ઞાન જીવહિંસા ઉપર આધારિત છે.

જીવહત્યા કે જીવ ઉપર અખતરા ગાંધીજીને અત્યંત વ્યથિત કરે છે. શરીરના ખોટા જતનને ખાતર' આ હિસા ગાંધીને મંજૂર નથી. આવી હિંસા ધર્મના અને માનવ મર્યાદાનાં તમામ ખ્યાલાથી વિપરીત છે. માનવજાત પર જે મર્યાદા છે તે જીવહત્યાથી દૂર થાય છે. આથી આધુનિક વૈદક તેઓને ધર્મભ્રષ્ટ' કરનારું જણાય છે. ગાંધી માને છે કે આત્મજ્ઞાન મેળવવા માટે પીડા સહન કરવી પડે. પોતાની ભૂલોનો સ્વીકાર કરવો પડે, તેની સજા ભોગવવી પડે તથા મન-શરીરની શુદ્ધિ માટે જાતે પ્રયાસ આદરવો પડે. હિંસા આત્મજ્ઞાનના માર્ગમાં અવરોધક બને છે. જે માર્ગ આત્મજ્ઞાનથી દૂર લઇ જાય તેનો વિરોધ કરવો જ રહ્યો.આધુનિક સુધાર ગાંધી માટે સર્વવ્યાપી વાસ્તવિક્તા નથી. આ માનવજાતનો ભૂતકાળ નથી તે સમગ્ર વિશ્વનો વર્તમાન નથી કે નથી તે ભવિષ્ય. આ માનવની કે તેના સમાજની સ્વાભાવિક કે કુદરતી અવસ્થા નથી. ગાંધી માટે આધુનિક સુધાર તે કુધાર છે, એક રોગ છે. કૂધાર અને રોગ બંનેના અર્થમાં વિકૃતિનો ખ્યાલ છે.આ કારણે તેઓ આધુનિક સુધારની મોહશક્તિ પ્રત્યે સજાગ હોવા છતાં તેનો વિનાશ અનિવાર્ય ગણે છે. આ સુધારો આત્મઘાતી છે તેવા વિશ્વાસમાં ગાંધી કહે છે, આ સુધારો એવો છે કે, જો આપણે ધીરજ રાખી બેસીશું તો સુધારાની હડફેટમાં આવેલા માણસો પોતે સળગાવેલા અગ્નિમાં બળી મરશે... તે સુધારા નાશકારક અને નાશવંત છે.ઉપરાંત, આધુનિક સુધારની વ્યવસ્થામાં જ તેના પ્રતિકારના બીજ રહેલાં છે. કાયદાનું ઉદાહરણ લેતાં આ મુદ્દો સ્પષ્ટ થશે. તેઓ કહે છે કે, કાનૂનમાં ક્યારેય આજ્ઞા નથી હોતી કે ‘આમ કરવું જ પડશે'. પરંતુ તેનો તર્ક છે 'આમ ન કરનારને સજા થશે'. અન્યાયી આજ્ઞા પાળવાની ફરજ નથી. જો અન્યાય અધર્મની સામે વ્યક્તિ પોતે સજા ભોગવવા તૈયાર હોય તો તેનો પ્રતિકાર થઇ શકે. સુધારાના આત્મઘાતી વલણ માટે તેનું બંધારણ જવાબદાર છે. તે માનવનો ખ્યાલ ભૌતિક ચીજ વસ્તુ દ્વારા આપવા ઇચ્છે છે, તેમાં ધર્મ, નીતિને સ્થાન નથી અને તેમાં માનવ અને કુદરતની મર્યાદાનું ઉલ્લંઘન કરવાનું વલણ છે.

આ સુધારી નાશવંત હોય તેના ઢાંચાને કારણે જ વિનાશ પામવાનો હોય તો તેના વિનાશની પ્રક્રિયામાં માનવીય ચેતના અને કાર્યક્ષમતાનો ફાળો શું તે સવાલ જરૂર થાય. જો માનવીય હસ્તક્ષેપ ન હોય તો અન્ય દાર્શનિક સવાલો ઊભા થાય. તે માનવની ચેતના અને કાર્યક્ષમતા વિશે અશ્રદ્ધાનું સૂચક બને માનવ જીવનને સ્પર્શતી ઘટનાઓનો આધાર માનવેતર પરિબળો – જેને આપણે ઇતિહાસનો પ્રવાહ કહીએ કે અર્થતંત્રની સમસ્યા કહીએ - પર રહે આ તર્ક ગાંધીને સ્વીકાર્ય ન હોય કારણ આ તર્ક આધુનિક સુધારના તર્કની ઘણી નજીક છે. બંનેમાં માનવ જીવનનું મૂલ્યાંકન બાહ્ય માપદંડ દ્વારા થાય છે. આથી ગાંધી આત્મબળ, દયાબળ અથવા સત્યાગ્રહની માર્ગ ચીંધે છે. દારૂગોળો કે મારફાડ હિંસાનો ઉપાય માત્ર વ્યૂહરચના તરીકે વર્જ્ય નથી. ઉપકરણાત્મક વિશ્વનો વિરોધ ઉપકરણોથી ન થાય તેવી દાર્શનિક માન્યતાને લીધે

તેઓ દારૂગોળાને અયોગ્ય માને છે, 'જેવા દેવ તેવી પુજા વિધાન દ્વારા ગાંધી સાધન અને સાધ્ય વચ્ચેનો સંબંધ સમજાવે છે. જો હેતુ ધર્મ, નીતિ, મર્યાદા વિનાના આધુનિક સુધારનો વિરોધ કરવાનો હોય તો તે અધર્મ, અનૈતિક અને અમર્યાદ હિંસા દ્વારા ક્યારેય ન થઈ શકે. આધુનિક સુધારાએ જે હથિયાર વાપર્યાં તેનો ઉપાય કરવાથી આધુનિક સુધાર જ મળે. શરીરબળ અને તોપબળથી કદાચ અંગ્રેજી રાજ્યનો વિરોધ થઈ શકે. આધુનિક સુધારાનો નહીં. તોપબળથી કદાચ અંગ્રેજી રાજ્ય હટે પણ નવું રાજ્ય પણ તેના જેવું જ હોય કારણ તેમાં આધુનિક સુધાર અંતર્ગત હોય. ગાંધીનો વિરોધ અંગ્રેજી રાજ્ય સામે નથી, તેમના સુધારા સામે છે. માનવ ચેતનાની સારપમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા ગાંધી આથી તો અંગ્રેજ પ્રજા માટે કહી શકે કે, 'તેઓના વિચાર મૂળે અનીતિ ભરેલા નથી, એટલે તેમને વિષે મારા મનમાં ઉત્તમ વિચાર જ છે, તેઓનું હાડ ખરાબ નથી. . તેમની નેમ માત્ર અંગ્રેજી પ્રજાને હાંકી કાઢવાની નથી. જો તેઓ પોતાનો સુધારો ત્યજી ખરો સુધારો અપનાવે તો તેમનો કદમાં સમાવેશ થઈ શકે "અંગ્રેજ જો હિંદી થઇને રહે તો આપણે તેનો સમાસ કરી શકીએ છીએ." આવી સહિષ્ણુતા દયાબળ, આત્મબળ કે સત્યાગ્રહથી આવે છે.

સત્ય, અભય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય ઉપર આ બળનો આધાર છે. બ્રહ્મચર્ય માત્ર સ્ત્રીસંગ સંબંધી નથી. બ્રહ્મચર્યનો અર્થ મન, ઇચ્છા, ઇન્દ્રિય અને વાસના ઉપરનો કાબૂ છે. સત્ય, અભય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય માત્ર આત્મજ્ઞાનીને જ સંભવી શકે. એટલે કે, સત્યાગ્રહનો આધાર પોતાની જાતને ઓળખવામાં છે. જે વ્યક્તિ પોતાની જાતને ઓળખે તે અંતઃકરણનો અવાજ સાંભળી સત્ય બને નીડર બને. જે વ્યક્તિ જાતને ઓળખે તે ઇચ્છા, વાસના ઉપર કાબૂ રાખી શકે. આત્મજ્ઞાન તે જ સ્વરાજ ગાંધી કહે છે કે આપણી ઉપર આપણે રાજ્ય ભોગવીએ તે જ સ્વરાજ છે. સ્વરાજનો અર્થ આત્મજ્ઞાન હોય તો તે દરેક વ્યક્તિએ પોતાની માટે જાતે મેળવવું પડે. બીજાનું આપેલું તે સ્વરાજ નહીં, રાજકીય સ્વતંત્રતા અને સ્વરાજ વચ્ચે આ પાયાનો તફાવત છે.

આમ હિંદ સ્વરાજ આત્મજ્ઞાન દ્વારા સ્વરાજની ચાવી આપે છે. આ તર્ક નીચેના મુદ્દાઓ દ્વારા સરળ થાય છે.

1) સુધારનો અર્થ જ એ કે માણસ પોતાની ફરજ બજાવે.

૨)ફરજ બજાવવા નીતિ અને ધર્મનું જ્ઞાન અનિવાર્ય છે.

3) આ જ્ઞાનવાળી વ્યક્તિ પોતાને પિછાણી શકે.

૪) ખરા સુધારનો આધાર આત્મજ્ઞાન ઉપર છે.

૫) આધુનિક સુધાર બહિરની શોધ છે.

૬)તેથી તે અધાર્મિક અને અનૈતિક છે.

૭) અનૈતિક - અધાર્મિક શાશ્વત ન હોઇ શકે, તેથી આ સુધાર નાશવંત છે.

૮) તેનો પ્રતિકાર આત્મબળ, દયાબળ સત્ય દ્વારા જ થઇ શકે.

૯) સત્યાગ્રહનો આધાર આત્મજ્ઞાન ઉપર છે.

૧૦) આત્મજ્ઞાન સ્વરાજનો પાયો છે.

આમ ગાંધી સભ્યતાનો આધાર આત્મજ્ઞાન જુએ છે. માનવની સારપ તેની આંતરમનમાં ડોકિયું કરવાની ક્ષમતામાં અખૂટ શ્રદ્ધા હિંદ સ્વરાજમાં વ્યકત થાય છે. જે સભ્યતા માનવની અનાદિ ખોજને પોષી શકે તે જ શાશ્વત બની શકે. આમ હિંદ સ્વર માત્ર રાજકીય વિચાર ન રહેતાં આધ્યાત્મ દર્શન તરફ દોરી જાય છે. આધુનિકતા સામેના સૌથી મોટા પડકારના હાર્દમાં પ્રવેશી શકવાને કારણે આ ગ્રંથ ચિરાયુ છે.

**સંદર્ભ સૂચી :**

૧. મો.ક. ગાંધી, હિંદ સ્વરાજ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૯ની આવૃત્તિ

૨. અર્થાત ગ્રંથ ૨૦:અંક -૨ એપ્રિલ ૨000